## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ




લે, ઘઉં ચોખા ફ્રીમાં, પણ તે અને તારી પત્નિએ માસ્ક નથી પહેર્યો તેના પાંચસો દૂ બે લેખે હજાર રૂપિયા લાવ....!!

### ઓનલાઇન શિક્ષણના ટ્રેન્ડમાં ધો-૧૦માં નબળુ પરિણામ ધરાવતી

# જિલ્લાની ૨૮ શાળાઓ પર વિશેષ ધ્યાન અપાશે

**માર્ચ ૨૦૨૦ની બોર્ડ પરીક્ષામાં જિલ્લાની ૨૮ શાળાઓનુ પરિણામ ૩૦ ટકાથી નીચે આવ્યુ હતુ : કોરોના કાળમાં આવી શાળાઓના વિદ્યાર્થીઓ પર સતત મોનીટરીંગ કરવા ડી.ઇ.ઓ.ની સુચના**

ગાંધીનગર તા ૨૮

શિક્ષણ બોર્ડ દ્વારા માર્ચ ૨૦૨૦ માં લેવાયેલી ધો -૧૦ ની પરીક્ષામાં ૩૦ ટકાથી નીચુ પરિણામ ધરાવતી જિલ્લાની ૨૮ શાળાઓમાં ઓનલાઈન શિક્ષણની કામગીરી યોગ્ય રીતે થાય તેમજ આ શાળાઓના વિદ્યાર્થીઓ કોરોના કાળમાં શિક્ષણની દ્રષ્ટીએ વધુ હાંસિયામાં ન ધકેલાય જાય તે માટે જિલ્લા શિક્ષણતંત્ર દ્વારા વિશેષ મોનીટરીંગ કરવા માટે પણ શાળાના આચાર્યો , શિક્ષકો તેમજ સંબાંધિત અધિકારીઓને પણ સુચના આપવામાં આવી છે.

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા માર્ચ ૨૦૨૦ માં લેવાયેલી ધો -૧૦ ની પરીક્ષાનુ પરિણામ જાહેર કરાયા બાદ હાલ કોરોના કાળમાં હજુ શાળા સંકુલોમાં વિદ્યાર્થીઓનો કોલાહલ ગુંજતો નથી. શિક્ષણ પધ્ધતિ પણ બદલાઇ છે. અલબત્ત વર્તમાન સંજોગોને ધ્યાને લઇ વિદ્યાર્થીઓને ઘરે બેઠા ઓનલાઇન શિક્ષણ આપવામાં આવી રહ્યુ છે. વિદ્યાર્થીઓ શિક્ષક સામે વર્ગખંડમાં હાજરી આપે અને ઓનસ્ક્રીન શિક્ષણ મેળવે તે પધ્ધતિમાં જમીન આસમાનનો તફાવત હોવાનો મત પણ શિક્ષણ વિદો ઉઠાવી રહ્યા છે. આવા સંજોગોમાં વિદ્યાર્થીઓ શિક્ષણથી દુર ન રહે અને શિક્ષણે જ ભેટ ધરેલી ટેકનોલોજીના ઉપયોગથી હાલ શૈક્ષણિક ગતિવિધિઓ ચાલી રહી છે. ઓનલાઈન શિક્ષણના આધારે વિદ્યાર્થીઓ અને શિક્ષકો વચ્ચે સેતુ રચવાનો પ્રયાસ થઈ રહ્યો છે. ત્યારે નબળા વિદ્યાર્થીઓ તેમજ નબળુ પરિણામ ધરાવતી શાળાઓ પણ આ સમયગાળા દરમિયાન કયાંક વધુ હાંસિયામાં ન ધકેલાય જાય તેની ચિંતા પણ શિક્ષણતંત્રને સતાવી રહી છે. ધો -૧૦ માં જિલ્લાની ૨૮ શાળાઓના પરિણામ ૩૦ ટકાથી નીચે આવ્યા હતા જિલ્લામાં ૩૦ ટકાથી નીચે પરિણામ ધરાવતી શાળાઓમાં શિક્ષણનુ સ્તર સુધરે તેમજ પરિણામની ટકાવારી પણ ઉંચી આવે તે માટે શિક્ષણ તંત્ર દ્વારા પણ સતત પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. આવી શાળાઓમાં વધારાના વર્ગો ઉપરાંત વિદ્યાર્થીઓને ઘરે જઈને પણ શિક્ષણ આપવા સહીતના પગલા લેવા માટે જિલ્લા શિક્ષણ તંત્રએ આચાર્યોને સુચના આપી છે. આ અન્વયે સમયાંતરે આચાર્યો સાથે શિક્ષણ વિભાગના અધિકારીઓની બેઠક પણ યોજવામાં આવે છે.

ગત માર્ચ મહીનામાં લેવાયેલી ધો -૧૦ ની પરીક્ષામાં જિલ્લાનુ પરિણામ ૬૯ ટકા આવ્યુ હતુ જયારે જિલ્લાની ૨૮ શાળાઓનુ પરિણામ ૩૦ ટકાથી નીચે હોવાનુ પણ ધ્યાને આવ્યુ હતુ આવા સંજોગોમાં છેલ્લા ચાર મહીનાથી શાળાઓમાં શૈક્ષણિક કાર્ય બંધ છે. ત્યારે નબળુ પરિણામ ધરાવતી શાળાઓ કોરોના કાળમાં વધુ હાંસિયામાં ન ધકેલાય જાય તે માટે જિલ્લા શિક્ષણતંત્ર સવિશેષ તકેદારી દાખવી રહ્યુ છે. જિલ્લા શિક્ષણાધિકારી કક્ષાએથી પણ જિલ્લાની આ ૨૮ શાળાઓમાં ઓનલાઇન શિક્ષણની કામગીરીનુ સતત મોનીટરીંગ પણ કરવામાં આવી રહ્યુ છે. જયારે આ મામલે શાળાના આચાર્યો સાથે પણ ફોન મારફતે સંપર્કમાં રહીને વિદ્યાર્થીઓનુ શિક્ષણ ન બગડે તે માટે ઓનલાઇન શિક્ષણનુ માધ્યમ વધુ અસરકારક બને તેવા પણ પ્રયાસો હાથ ધરાયા છે.

## એકમ કસોટીને અનુલક્ષી શિક્ષણ બોર્ડની વેબસાઈટ પર પ્રશ્નપત્ર મુકાયા

ધો -૯ થી ૧૨માં તા ૨૯ અને ૩૦ જુલાઈના રોજ એકમ કસોટીનુ આયોજન કરવામાં આવ્યુ છે. જયારે આ એકમ કસોટીને અનુલક્ષી બોર્ડની વેબસાઈટ પર પ્રશ્નપત્રો મુકી દેવાયા છે. વિદ્યાર્થીઓએ તા ૧૦ ઓગષ્ટ સુધી લખીને સોફટ કે હાર્ડ કોપીમાં શાળાને પહોંચાડવાના રહેશે.

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધો -૯ થી ૧૨ માં લેવાનારી એકમ કસોટીના પ્રશ્નપત્રો આજે પી ડી એફ સ્વરૂપે બોર્ડની વેબસાઈટ પર મુકવામાં આવ્યા છે. જેથી શાળાના આચાર્યો, વાલીઓ અને વિદ્યાર્થીઓ સરળતાથી આ પ્રશ્નપત્ર મેળવી શકે એકમ કસોટીનો હેતુ વિદ્યાર્થીની ઓનલાઇન અધ્યન અધ્યાન પ્રક્રીયાના મુલ્યાંકનનો હોઈ સ્વયંશિસ્તપુર્વક વાલીની દેખરેખ હેઠળ ઘરેથી જ આ પ્રશ્નપત્રોના ઉત્તરો તા ૧૦ ઓગષ્ટ સુધીમાં પોતાની અનુકુળતા મુજબ લખીને પહોંચાડવાના રહેશે. સોફટ કે હાર્ડ કોપીમાં શાળામાં પહોંચાડવાના રહેશે. આ પ્રક્રીયા અને આયોજન દરમિયાન સંબંધિત સર્વેએ કોવિડ -૧૯ સંદર્ભે આરોગ્ય વિભાગની સુચનાઓનુ પાલન થાય તે અંગે તકેદારી રાખવાની રહેશે. તેમ પણ શિક્ષણ બોર્ડના નાયબ નિયામક ડો અવનીબા મોરીએ જણાંવ્યુ છે.

## ગુરૂવારે મનપાની સ્થાયી સમિતિ મળશે

ગાંધીનગર મહાનગરપાલિકાની સ્થાયી સમિતિની એક મહત્વની બેઠક ગુરૂવારના રોજ મળશે. સ્થાયી સમિતિના ચેરમેન દેવેન્દ્રસિંહ ચાવડાના અધ્યક્ષપદે ગુરૂવારના રોજ બપોરે ૧.૩૦ વાગે સ્થાયી સમિતિના સભાખંડમાં આ બેઠક મળશે.

મળતી વિગતો પ્રમાણે બોરીજ ગામે આવેલ આંગણવાડી, લગ્નવાડી અને સ્કૂલ તથા સે. ૧૩ માં આવેલ નંદનવન આશ્રમ શાળામાં શેડ બનાવવા અંગેના ટેન્ડરને મંજૂરી આપવામાં આવશે. આ માટેના ટેન્ડર ૫ ટકા નીચા ભરાઈને આવ્યા હોવાનું જાણવા મળેલ છે. આ કામનો અંદાજિત ખર્ચ રૂ. ૧૫ કરોડ કરતાં વધુ હોવાનું પણ મનપાના સૂત્રોમાંથી જાણવા મળેલ છે.

સેક્ટરોને ફરતે કમ્પાઉન્ડ વોલ બનાવવાની કામગીરીનું ટેન્ડર જે ૧૭ ટકા જેટલુ નીચુ આવ્યુ છે તે અંગે પણ નિર્ણય લેવામાં આવે તેવી શક્યતાઓ છે. મનપામાં હવે વિકાસના કામો તાકીદે હાથ ધરવાની અપાયેલી પ્રભારી મંત્રીની સૂચના પછી મનપાએ પણ આ દિશામાં તેનુ ધ્યાન કેન્દ્રીત કર્યુ છે.

## ચેખલારાણી ગામેથી જુગાર રમતા ત્રણ જુગારીઓ ઝડપાયા

ગાંધીનગર, તા.૨૮

ગાંધીનગર નજીક આવેલા ચેખલારાણી ગામેથી પોલીસને જુગાર રમતા ૩ શકુનીઓ ઝડપાયા છે. જયારે ત્રણ જુગારી પોલીસને જોઈ ભાગી છુટવામાં સફળ રહ્યા હતા. પોલીસની રેઈડને પગલે જુગારીઓમાં દોડધામ મચી ગઈ હતી.

પ્રાપ્ત માહિતી મુજબ ચિલોડા પોલીસ મથકના સ્ટાફના જવાનો પેટ્રોલીંગમા હતા તે સમયે સોમવારે મોડીસાંજે સાબરમતિ નદીના કોતરોમાં ખુલ્લી જગ્યામાં કેટલાક શખ્સો જુગાર રમતા હતા. પોલીસને જોઈને જુગારીઓમાં ભાગદોડ મચી ગઈ હતી. જેમાં ત્રણ જુગારી ભાગી છુટવામાં સફળ રહ્યા હતા, જયારે ત્રણ શકુનીઓ પોલીસના હાથે પકડાઈ ગયા હતા.

પોલીસે પકડી પાડેલા જુગારીઓમાં શિહોલી મોટી ગામના વિપુલ વિષ્ણુ રાવળ, નિકુલ જયંતિ ઠાકોર, દિનેશજી રસિકજી ઠાકોરનો સમાવેશ થાય છે. પોલીસે પકડી પાડેલા જુગારીઓ પાસેથી દાવ પરથી રોકડ અને અંગજડતી દરમિયાન મળી આવેલી રોકડ રૂ. ૫૦,૬૩૦ તેમજ ૩ મોબાઈલ ફોન અને ૨૫ હજારનું બાઈક મળીને કુલ રૂ.૮૨,૧૩૦ નો મુદ્દામાલ જપ્ત કરી તમામ સામે જુગારધારે હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. જયારે પોલીસની રેઈડ દરમિયાન ભાગી ગયેલા શકુનીઓમાં શિહોલી મોટી ગામના અશોક છનાજી ઠાકોર, દોલારાણા વાસણા ગામના ચેતન કેસાજી ઠાકોર, અને ચેખલારાણી ગામના કાળાજી ચૌહાણનો સમાવેશ થાય છે.



ગાયનું સ્થાન આપણી સંસ્કૃતિમાં ખૂબ જ પૂજનીય રહ્યું છે તેને પવિત્ર ગણી તેને માતાનું સ્થાન આપવામાં આવ્યું છે. ગાય માતાની પૂજા પણ ઘણાં સ્થળોએ થાય છે. જો કે દુઃખ સાથે કહેવું પડે છે કે જેને આપણે આટલું ઉચ્ચ સ્થાન આપ્યું છે તે 'ગાય માતા' રખડતી હાલતમાં જોવા મળે છે. દૂધ આપવાનું બંધ કરી દે કે તે બિમાર થાય, ઈજાગ્રસ્ત થાય એટલે તેને તરછોડી દેતાં પશુપાલકો જરાય અચકાતા નથી. ડભોડામાં આવી જ એક ઈજાગ્રસ્ત ગાય જોવા મળી રહી છે. શહેરમાં ભટકતી આ ગાયની સારવાર કરાવવી અને તેને પાંજરાપોળ મોકલવાની તાતી જરૂરીયાત છે.

## ઉનાવા જુગારધામ કેસમાં વોન્ટેડ આરોપી શંભુ રબારી ઝડપાયો

ગાંધીનગર, તા.૨૮

પેથાપુર પોલીસ મથક વિસ્તારમાં આવેલા ઉનાવા ગામે જુગારધામ બે પોલીસકર્મીઓની મિલીભગતથી ધમધમતુ હતું. આ જુગાર ધામ પર તા.૧૭ ના રોજ એલસીબી-૨ ત્રાટકી હતી. પોલીસે જુગાર રમી રહેલા ૮ જુગારીઓને ૬૨ હજારથી વધુના મુદ્દામાલ સાથે પકડી પાડ્યા હતા. ઉનાવા જુગારધામ કેસમાં સામેલ સોલાના શંભુ રબારીને વોન્ટેડ જાહેર કરાયો હતો. ત્યારે પોલીસે આ વોન્ટેડ આરોપીને પકડવા માટે આસપાસના વિસ્તારમાં તપાસ કરી રહી હતી. ત્યારે શંભુ રબારી ઉદેપુરના રીસોર્ટમાંથી જુગાર રમતા ઝડપાયા હતો. ઉદેપુર પોલીસના હાથે તાજેતરમાં ૫૯ જુગારી ઝડપાયા હતા તેમાં શંભુ રબારીનો પણ સમાવેશ થયો છે. જેથી ગાંધીનગર એલસીબી-૨ પોલીસ દ્વારા ટ્રાન્સફર વોરંટના આધારે શંભુ રબારીની ધરપકડ કરવામાં આવી છે.

શંભુ રબારીની પોલીસ દ્વારા પુછતાછમાં માણસા પોલીસ મથકના કોન્સ્ટેબલની પણ ઉનાવા જુગારધામ કેસમાં શંકાસ્પદ ભુમિકા હોવાનું જાણવા મળ્યું છે. જયારે શંભુ રબારી જુગારીઓ પાસેથી રોકડ રૂપીયા લઈને કોઈન આપીને વાહનમાં બેસાડીને નિયત કરેલી જગ્યા પર લઈ જતો હતો. ત્યારે મળતી માહિતી અનુસાર ઉદેપુર પોલીસ દ્વારા જયારે રીસોર્ટમાં રેઈડ પાડવામાં આવી તે સમયે જમાદાર ઘનશ્યામસિંહ પણ હાજર હતા, પરંતુ તે ભાગી છુટવામાં સફળ રહ્યા હતા. ત્યારે હવે પોલીસે ઘનશ્યામસિંહને પકડવા માટે કવાયત તેજ કરી છે.




### પીંપળજ ગામે સ્મૃતિ પ્રવેશદ્વાર બનાવ્યો

ગાંધીનગર તાલુકાના પીંપળજ ગામે ગાંધીનગર જિલ્લા પંચાયત સદસ્ય શ્રીમતી સુશીલાબા અરવિંદસિંહ વાઘેલાની ગ્રાન્ટમાંથી સ્મૃતિ પ્રવેશદ્વાર (ગેટ) બનાવવામાં આવ્યો છે. આ ઉપરાંત સદસ્ય દ્વારા જિલ્લા પંચાયત બેઠક સમાવિષ્ટ ગામોમાં વિવિધ ગ્રામ્યલક્ષી વિકાસકામોને વધુ પ્રાધાન્ય સાથે સુવિધાયુક્ત બનાવવાની નેમ પૂર્ણ કરવા ઉત્સુકતા દર્શાવતા ગ્રામજનો દ્વારા સેવાકીય પ્રવૃતિને બિરદાવવામાં આવી રહી છે.

## જિલ્લાના ૧૮ પીએસઆઈની આંતરિક બદલી

ગાંધીનગર, તા. ૨૮

જિલ્લા પોલીસ વડા મયૂર ચાવડાએ ૧૮ પીએસઆઈની આંતરીક બદલીઓનો ઓર્ડર કર્યો છે. જેમાં વી. બી. પરમારને પેથાપુર, એ. જી. એનુરકાર તથા વાય. વાય. ચૌહાણને લીવ રીઝર્વ એટેચ એલસીબી-૧ , એ. એ. વછેટાને લીવ રીઝર્વ એટેચ એલસીબી-૨, એસ. એમ. ચૌધરીને મહિલા પોલીસ સ્ટેશન, વી. બી વર્મા તથા એમ. જે. શિંદેને અડાલજ પોલીસ સ્ટેશન, વી. એમ. ઝાલાને ઈન્ફોસિટી, પી. બી. રમલાવતને સાંતેજ, આર. સી. ખરાડી તથા ડી. એ. રાઠોડને સે-૨૧ પો. સ્ટે., એલ. એચ. મસાણીને ડભોડા, એમ. બી. ગજ્જરને લીવ રિઝર્વ એટેચ એસઓજી, એન. જી. પરમારને ચિલોડા, જે. જે. પરમારને દહેગામ, એ. જે. શાહને રખિલાય, પી. વી. રાઠોડ, એમ. જે. પટેલને સચિવાલય સંકુલ ખાતે મુકાયા છે.



### લવારપુર સખીમંડળ દ્વારા વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો

અષાઢ-શ્રાવણ માસના પવિત્ર દિવસે શહેર કે ગ્રામ્ય વિસ્તારમાં સામાજિક કે ધાર્મિક શૈક્ષણિક સેવાભાવી સંસ્થાઓ તથા મંડળો દ્વારા જાહેર ધાર્મિક સ્થળો-જગ્યાએ હરીયાળુ બનાવવા મેઘરાજાનું આગમન થતાં વૃક્ષ એજ જીવનના સુત્રને સાર્થક કરવા વૃક્ષારોપણ કાર્યક્રમને મહત્વ આપતાં હોય છે. ત્યારે પાટનગરની નજીક આવેલ વિકસિત ગામ લવારપુર સ્થિત સખીમંડળ દ્વારા ગામને હરિયાળુ બનાવવા વૃક્ષારોપણ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં ગામની ધાર્મિક ભાવના ધરાવતી મહિલાઓએ વૃક્ષ રોપવાના કટીબદ્ધતા સાથે સમુહમાં વૃક્ષારોપણ કરી સેવા કરવાનું બીડુ ઝડપ્યુ હતુ.

## મોડી રાત્રે માત્ર એક જ કલાકમાં ચાર સર્પોનું રેસ્ક્યુ..!!!

**શહેરના જુદા જુદા વિસ્તારોમાંથી રાત્રે ૧૧ થી ૧૨ દરમ્યાન સાપ નીકળવાના મળેલા કોલને સર્પમિત્ર હુસેન પટેલ અને ઈર્શાદ ઠેબા દ્વારા રેસ્ક્યુ કરાયા : ચારમાંથી એક સર્પ ઝેરી : ચોમાસામાં સરીસૃપ નીકળવાની ઘટનાઓ વધી**

ગાંધીનગર, તા. ૨૮

ચોમાસાની ઋતુ એટલે "સર્પોનો ફુડ ફેસ્ટિવલ" આ



ઋતુમાં સરીસૃપો આવનારા



શીતકાળ માટેનો ખોરાક પણ ગ્રહણ કરી લે છે જેથી શિયાળાની ઠંડીમાં શીતનિંદ્રામાં જતા રહેતા સરીસૃપો તેમનું અસ્તિત્વ ટકાવી શકે. આ કારણે અત્યારે શહેરમાં સરીસૃપો નીકળવાની ઘટનાઓ વધી જવા પામી છે. શહેરના જ્યારે માનવ રહેણાંક વિસ્તારમાં સરીસૃપ દેખાય એટલે તેના થકી કોઈ નાગરિકને કે કોઈ માનવી થકી સરીસૃપને નુકશાન ના પહોંચે તે હેતુથી તેમને સલામત રીતે રેસ્ક્યુ કરી જંગલ વિસ્તારમાં છોડી મુકવા હિતાવહ હોય છે અને શહેરમાં આ કાર્ય માટે અનેક સેવાભાવી સ્નેક લવર્સ તેમની સેવાઓ પુરી પાડી રહ્યાં છે. ગઈકાલે એવા જ બે જાણીતા સ્નેક રેસ્ક્યુઅર હુસેન પટેલ અને ઈર્શાદ ઠેબા દ્વારા એક જ કલાક જેટલાં ગાળામાં ચાર સર્પોને રેસ્ક્યુ કરવામાં આવ્યાં હતા જેમાંથી એક ઝેરી અને ત્રણ બિન ઝેરી સર્પ હતા.

જે ચાર સર્પને રેસ્ક્યુ કરવામાં આવ્યાં તેમાં એક સે. ૨૦ માંથી મળેલ ઝેરીસર્પ કુકરી હતો. આ ઉપરાંત સર્કિટહાઉસ ખાતેથી કેઈટ સ્નેક, કુડાસણ ખાતેથી રેડ સેન્ડબોઆ અને સે. ૯ માં એરફોર્સ નજીકથી વોલ્ફ સ્નેકનો સમાવેશ થાય છે જે ત્રણે બિન ઝેરી સર્પો છે. માત્ર એક જ કલાકમાં શહેરના જુદા જુદા વિસ્તારોમાંથી સાપ નિકળવાના કોલ એક સાથે મળવા છતાં હુસેન પટેલ અને ઈર્શાદ ઠેબા દ્વારા માત્ર એક જ કલાકના ગાળામાં આ ચારેય સર્પને રેસ્ક્યુ કરીને સલામત રીતે જંગલમાં છોડી મુકવામાં આવ્યા હતા. સૌથી



અગત્યની વાત તો એ છે કે આ ચારેય કોલ મોડી રાત્રિના સમયે પ્રાપ્ત થયાં હતા છતાં તેમનું સફળ રેસ્ક્યુ પાર પાડવામાં બંને સર્પપ્રેમી મિત્રો કામે લાગ્યાં હતા અને કાર્યને પાર પાડ્યું હતું. રાત્રે ૧૧ થી ૧૨ વાગ્યાના સમયગાળા દરમ્યાન આ રેસ્ક્યુ કાર્ય કરવામાં આવ્યું હતું. કોરોના મહામારીની ગંભીર પરિસ્થિતિમાં પણ આ કપરુ કાર્ય પાર પાડનાર મિત્રો ઈચ્છે છે કે દરેકે પ્રકૃતિના જતન પર ધ્યાન આપવું જોઈએ તો જ આપણે આવી મહામારીઓથી બચી શકીશુ. આ વન્ય જીવો સૃષ્ટિ માટે ખૂબ જ ઉપયોગી છે તે આપણે ભુલવું ના જોઈએ.

## ખાનગી મેડિકલ કોલેજના છાત્રોની ફીમાં રાહતની માગ

ગાંધીનગર, તા. ૨૮

કોરોના વાયરસની મહામારી વચ્ચે સરકારે વાલીઓને ફી ભરવામાંથી રાહત આપાવી ત્યારે હવે મેડિકલના વિદ્યાર્થીઓ દ્વારા પણ ફીમાં રાહત અને ફી માફીની માગણીઓ કરવામાં આવી રહી છે. જેમાં રાજ્યની ઘણી મેડિકલ કૉલેજના વિદ્યાર્થીઓએ આ પ્રકારની માગણી શરૂ કરી છે. વિદ્યાર્થીઓ દ્વારા ઓનલાઈન પણ ઝુંબેશ ચલાવવામાં આવી રહી છે. કોંગ્રેસની વિદ્યાર્થી પાંખ NSUI દ્વારા પણ આ વિષયમાં ટેકો આપવામાં આવ્યો છે. મીડિયા રિપોર્ટ્સ મુજબ ગુજરાત મેડિકલ સ્ટુડન્ટ્સ એસોસિએશન દ્વારા મેડિકલ કૉલેજની ફીમાં રાહત આપવાની સાથે તેના માળખામાં ફેરફાર કરવામાં આવે તેવી માગણીઓ વિદ્યાર્થીઓ દ્વારા શરુ કરવામાં આવી છે. ૨૨ સેલ્ફ ફાઈનાન્સ કૉલેજ કે જેમાં ૧૪ હજાર જેટલાક વિદ્યાર્થીઓ ભણે છે ત્યાં ફીમાં ઘટાડો કરવાની માગણી કરવામાં આવી રહી છે. આ મેડિકલ કૉલેજમાં પારુલ મેડિકલ કૉલેજે, સ્મીમેર કૉલેજ, સીયુ શાહ મેડિકલ કૉલેજ સહિતની કૉલેજો દ્વારા વિદ્યાર્થીઓને ૩૧મી જુલાઈ સુધીમાં ફી ભરવા અંગે જણાવવામાં આવ્યું છે. આવામાં વિદ્યાર્થીઓ માગણી કરી રહ્યા છે કે જે રીતે ખાનગી સ્કૂલોમાં ભણતા વિદ્યાર્થીઓના વાલીઓને રાહત આપવામાં આવી છે તે રીતે મેડિકલના વિદ્યાર્થીઓને પણ રાહત આપવી જોઈએ. આ પ્રકારની માગણી કરી રહેલા વિદ્યાર્થીઓ કહી રહ્યા છે કે, કોરોના વાયરસના કારણે તેમના વાલીઓના ધંધા-રોજગાર પર અસર પડી છે આવામાં તેમની પાસેથી કૉલેજ દ્વારા ફીની માગણી કરવામાં આવી રહી છે જે ભરવી મુશ્કેલ છે. આ તરફ વિદ્યાર્થીઓને ટેકો આપીને NSUI દ્વારા જણાવવામાં આવ્યું છે કે, મેડિકલ અને પેરામેડિકલના વિદ્યાર્થીઓને રાહત મળે અને તેમની એક વર્ષની ફી માફ કરવામાં આવે તેવી માગણી છે. જો કોઈ કૉલેજ ફી મામલે વિદ્યાર્થીઓનું એડમિશન રદ કરશે કે કોઈ તકલીફ આપશે તો NSUI દ્વારા આંદોલન કરવામાં આવશે. વાલીઓએ પણ દલીલ કરી છે કે કોરોના વાયરસના કારણે અમારા ધંધા-રોજગાર ઠપ થઈ ગયા છે એવામાં અમે આટલી ફી લાવીએ ક્યાંથી ?

**કોમ્પ્યુટર ભંગારની જાહેર હરાજી**

શ્રી પી.કે. ચૌધરી મહિલા આર્ટસ કોલેજ, ગાંધીનગરને ડો. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ દ્વારા ફાળવેલ કોમ્પ્યુટર લેબોરેટરી ડેલના કોમ્પ્યુટર જૂની થઈ ગયેલા હોવાથી હરાજી કરી નિકાલ કરવાનો છે. તો રસ ધરાવતા ઈસમોએ નીચેના સ્થળે, સમયે અને તારીખે રૂબરૂ હાજર રહી બોલી બોલવી. જેની બોલી ઉંચી હશે તેની માંગણી મંજૂર કરવામાં આવશે.

**સ્થળ : પી. કે. ચૌધરી મહિલા આર્ટસ કોલેજ, ગાંધીનગર**

**તારીખ : ૩૧/૭/૨૦૨૦**

**સમય : સવારે ૯-૩૦ કલાકે**